# 95

**ધરોઇ જળાશયમાંથી ડભોડા રીવર્સ કેનાલ મારફત તળાવો ભરવા બાબત**

*** 15/4/2246: ગેનીબેન નગાજી ઠાકોર**(વાવ)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | ધરોઇ જળાશયમાંથી ડભોડા રીવર્સ કેનાલ મારફતે ઇડર–વડાલી તાલુકાના ડાબાકાંઠાના ખેડૂતોને સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ થાય તે માટે વોલપોઇન્ટ(કુવાઓ) તથા તળાવો ભરવા માટે નવી યોજનાને શરતોને આધીન સૈધ્ધાંતિક મંજૂરી મળેલ તે યોજનાની કાર્યવાહી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઇડર અને વડાલી તાલુકાના તળાવો ભરવાની યોજના વિગતવાર સર્વેક્ષણ હેઠળ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ સર્વેક્ષણની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે, | (૨) | સર્વેક્ષણની કામગીરી મે–૨૦૨૪ અંતિત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ વહીવટી મંજૂરી માટે દરખાસ્ત સરકારને ક્યારે મળેલ છે, અને | (૩) | ઉક્ત વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | ઉક્ત યોજના ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે**?** | (૪) | ઉક્ત યોજનાની વિગતવાર સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થયેથી નિયમોનુંસાર કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે. |

---------------------------------